2/42 **1708N095** Candidate's Seat No :_______

**M.A. (Sem.-III) Examination**

**505 EB - Gujarati**

**(ગુજરાતી સાહિત્યની પરંપરાઓ-લોકસાહિત્ય)**

**Time : 2-00 Hours]** **August 2021** **[Max. Marks : 50**

**સૂચના :** (૧) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

**વિભાગ-૧**

નીચેના પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો :

૧ 'લોકવિદ્યા' સંજ્ઞા સમજાવી લોકવિદ્યાનું સ્વરૂપ સ્પષ્ટ કરો. ૧૪

૨ લોકવિદ્યાની વિવિધ શાખાઓ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો. ૧૪

૩ 'લોકસાહિત્ય' સંજ્ઞા સમજાવી લોકસાહિત્યના લક્ષણો વિશે સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

૪ લોકસાહિત્ય અને અભિજીત સાહિત્ય વચ્ચેનું સામ્ય-વૈષમ્ય તપાસો. ૧૪

૫ લોકસાહિત્યનું વર્ગીકરણ સદૃષ્ટાંત ચર્ચો. ૧૪

૬ ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રઢિયાળી રાત' સંગ્રહનો આસ્વાદ કરાવો. ૧૪

૭ લોકસાહિત્યના સંશોધન-સંપાદનની સમસ્યાઓ વિશે નોંધ લખો. ૧૪

૮ લોકસાહિત્યના સંશોધક પાસે કઈ સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે છે? વિસ્તૃત ચર્ચા કરો. ૧૪

**વિભાગ-૨**

૯ નીચેના પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો : ૦૮

(૧) 'ફોકલોર' સંજ્ઞા સૌપ્રથમ કયા પશ્ચિમી વિદ્વાને પ્રયોજી હતી?
(અ) વિલ્હેમ ગ્રીમ (બ) સર વિલિયમ જ્હોન ટોમસ (ક) આર્ય ટેટલર (ડ) જેકબ ગ્રીમ

(૨) લોકવિદ્યાઓ માટે જર્મનીના ગ્રીમ બંધુઓએ કઈ સંજ્ઞા પ્રયોજી હતી?
(અ) ફોકલોર (બ) એન્ટિક્વિટી (ક) વોક્સકુન્ડે (ડ) ઈન્ડોલોજી

(૩) કયા ગુજરાતી વિદ્વાને લોકસાહિત્યને બદલે 'લોકવાઙ્મય' શબ્દ પ્રયોજવાનો આગ્રહ રાખ્યો છે?
(અ) કનુભાઈ જાની (બ) જયમલ્લ પરમાર (ક) હસુભાઈ યાજ્ઞિક (ડ) ઝવેરચંદ મેઘાણી

(૪) 'ગુજરાતના લોકગીતો' ગ્રંથના સંપાદકનું નામ જણાવો.
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) જયમલ્લ પરમાર (ક) પુષ્કર ચંદરવાકર (ડ) ખોડીદાસ પરમાર

(૫) નીચેના પૈકી કયું લક્ષણ લોકસાહિત્યની વિભાવના સાથે સુસંગત નથી?
(અ) સર્જક છાપ (બ) અજ્ઞાત કર્તુત્વ (ક) પ્રાદેશિક અસર (ડ) પાઠભેદ

(૬) ધાન ખાંડતી વખતે ગવાતા લોકગીતો ગુજરાતીમાં કયા નામે ઓળખાય છે?
(અ) શ્રમગીતો (બ) ખાયણાં (ક) હાલરડાં (ડ) મરશીયા

(૭) કથાનું આદિરૂપ કોઈ જીવિત કે ઐતિહાસિક વ્યક્તિ સાથે સંકળાયેલું હોય તે કયા નામે ઓળખાય છે?
(અ) પૂરાકથા (બ) ઓઠા (ક) દંતકથા (ડ) પરીકથા

(૮) ઈ.સ. ૧૯૨૫થી ૧૯૪૨ દરમિયાન 'રઢિયાળી રાત'ના કુલ કેટલા ભાગ પ્રકાશિત થયા હતા?
(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

—

**[P.T.O.**

N 95-2

August, 2021

MA II

**Semester - 3**

**Paper - 505 EA**

ગુજરાતી સાહિત્યની પરંપરાઓ - જૈન સાહિત્ય

**વિભાગ-૧**

**સૂચનાઃ નીચેના આઠ પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો.** **( ગુણઃ ૧૪ x 3 = ૪૨)**

1. જૈન સાહિત્યરચનાના પ્રયોજન વિશે જણાવી તેની આગવી વિશેષતાઓનો પરિચય આપો.
2. જૈન સાધુઓ દ્વારા ખેડાયેલાં વિવિધ ગદ્યસ્વરૂપોનો વિગતે પરિચય આપો.
3. મધ્યકાલીન જૈન સર્જકો દ્વારા રચનારીતિ, છંદોબંધ, ઢાળ-કડી સંખ્યા આદિને આધારે ખેડાયેલાં વિવિધ પદ્યસ્વરૂપોનો સોદાહરણ પરિચય આપો.
4. ટૂંકનોંધ લખોઃ (૧) દસ્તાવેજી મૂલ્ય ધરાવતી જૈન કૃતિઓ (૨) જૈન સાહિત્યમાં આસ્વાદ્ય કવિકૌશલ
5. ટૂંકનોંધ લખોઃ (૧) જૈનસાહિત્યમાં છંદ આદિ પદ્યબંધ (૨) જૈનસાહિત્યમાં વિષયવૈવિધ્ય
6. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જેમને ગૌરવભર્યું સ્થાન આપવું પડે એવા એ (જયવંતસૂરિ) કવિ છે' - જયંત કોઠારીના વિધાનની ચર્ચા કરો.
7. જૈન અને જૈનેતર સાહિત્ય વચ્ચે રહેલા સામ્ય-વૈષમ્યની સોદાહરણ ચર્ચા કરો.
8. જિનહર્ષ કૃત 'આરામશોભારાસ' કૃતિનો રસાસ્વાદ કરાવો.

**વિભાગ - ૨**

**સૂચનાઃ નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો** **(ગુણઃ ૨ x ૪ = ૦૮)**

1. નીચેના પૈકી કયા જૈન સર્જક પોતાનું અપરનામ 'ગુણસૌભાગ્યસૂરિ' જણાવે છે?

   (ક) લાવણ્યસમય (ખ) જયવંતસૂરિ (ગ) હીરાણંદસૂરિ (ઘ) રાજશેખરસૂરિ
2. 'નેમિનાથ બારમાસ વેલપ્રબંધ' કૃતિના સર્જક જણાવો.

   (ક) જિનપદ્મસૂરિ (ખ) રાજશેખરસૂરિ (ગ) માણિક્યવિનય (ઘ) જયવંતસૂરિ
3. નીચેના પૈકી કયું પાત્ર 'શૃંગારમંજરી' કૃતિમાં આવે છે?

   (ક) કનકરથ (ખ) ચૌલાદેવી (ગ) શીલવતી (ઘ) રાજુલ
4. 'ઋષિદત્તારાસ'માં ઋષિદત્તાના પિતાનું નામ જણાવો.

   (ક) કનકરથ (ખ) અગ્નિશર્મા (ગ) અજિતસેન (ઘ) હરિષેણ
5. 'સ્થૂલિભદ્ર બારમાસા' કૃતિના સર્જક જણાવો.

   (ક) હીરાણંદસૂરિ (ખ) આનંદઘન (ગ) વિનયચંદ્ર (ઘ) સમયપ્રમોદ
6. નીચેના પૈકી કયા સ્વરૂપમાં આહ્લાદક ઋતુવર્ણન વધુ ઉપકારક બની રહે છે?

   (ક) રાસ (ખ) પ્રબંધ (ગ) ફાગુ (ઘ) બાલાવબોધ
7. 'રુખિમણિ' કઈ કૃતિનું ખલપાત્ર છે?

   (ક) ઋષિદત્તારાસ (ખ) આરામશોભારાસ
   (ગ) શૃંગારમંજરી (ઘ) સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ
8. 'કુલધરકન્યા'નો ઉલ્લેખ કઈ કૃતિમાં આવે છે?

   (ક) ઋષિદત્તારાસ (ખ) આરામશોભારાસ (ગ) શૃંગારમંજરી (ઘ) સ્થૂલિભદ્રફાગુ

---